ક્રમાંકઃ પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૧૨૩૭૧-૪૬૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૧૦/૦૯/૨૦૨૫

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તા. ૧૬/૦૯/૨૦૨૫ના રોજ યોજાનાર મહારક્તદાન શિબિર માટે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા બાબત

સંદર્ભઃ- (૧) માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ અં.મ./આ.વિ./શિક્ષણ/૨૮૬૭/૨૫, તા.૦૪/૦૯/૨૦૨૫

(૨) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગર તા.૦૬/૦૯/૨૦૨૫ પત્ર.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના સંદર્ભ-૧ના પત્ર સાથે સામેલ સંદર્ભ-૨ અન્વયે ભારત સરકારના ઓપરેશન સિંદૂરની સફળતા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ તા. ૧૬/૦૯/૨૦૨૫ના રોજ સવારે ૮-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધી ગુજરાત રાજયમાં ૩૦૦ કરતાં વધુ સ્થળોએ રાજયના તમામ કર્મચારીઓ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરેલ છે. રાજયના પ્રાથમિક શિક્ષકો પણ આ શિબિરમાં જોડાયેલ હોઈ આ સમાજોપયોગી ભગીરથ કાર્યમાં તમામ શિક્ષક ભાઈબહેનો યોગદાન આપી શકે તે માટે રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાનો સમય તા.૧૬/૦૯/૨૦૨૫ ને મંગળવાર પુરતો સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી કરવા માટે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ચાણકય ભવન, સેકટર-૧૩, ગાંધીનગર

10977

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત